ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક
ઉત્તમ જીવન નું નિર્માણ

## ગોલ્ડ લોન અરજી ફોર્મ

(CIN: L65110KA2016PLC142162)

હું ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ ("બેંક")ને નીચે ઉલ્લેખ કરેલી વિગતો અનુસાર, મને મારા દ્વારા માલિકી ધરાવતા સોનાના દાગીનાની સામે લોન આપવા માટેની વિનંતી કરૂં છું

| | | |
|---|---|---|
| તારીખ: | શાખાનું નામઃ | રેફરલ સ્ટાફ આઇડી: |
| CIF આઇડીઃ | ગ્રાહકનો પ્રકાર: પ્રવર્તમાન/નવા | અરજદારનું નામ: |

ગ્રાહકનો ફોટો

**વ્યક્તિગત વિગતો:**

| | | |
|---|---|---|
| પિતાનું નામ: | માતાનું નામ: | અરજદારની જન્મતારીખ: |
| જાતિ: | વૈવાહિક સ્થિતિ: | જીવનસાથીનું નામઃ |
| કાયમી સરનામું: | | |
| પ્રવર્તમાન સરનામું: | | |

**KYC ની વિગતો:**

| | | | |
|---|---|---|---|
| પાન: | | CKYC નંબર: | |
| | ઓળખનો પુરાવો | કાયમી સરનામાંનો પુરાવો | પ્રવર્તમાન સરનામાંનો પુરાવો |
| દસ્તાવેજનું નામ | | | |
| દસ્તાવેજ નંબર | | | |
| સમાપ્તિ તારીખ | | | |

**ગ્રાહકની પ્રોફાઇલ:**

| | | |
|---|---|---|
| વ્યવસાયઃ | ધર્મઃ | વર્ગઃ |
| શૈક્ષણિક લાયકાતઃ | આવક (વર્ષદીઠ): | રાજકીય ઉજાગર વ્યક્તિઃ |

**લોનની વિગતોઃ**

| | | | |
|---|---|---|---|
| લોનની રકમઃ | લોનની અવધિઃ | વ્યાજદરઃ | રિન્યુઅલ પદ્ધતિઃ |
| પ્રોસેસિંગ ફીઃ | પ્રિ-ક્લોઝર શુલ્કઃ | દંડાત્મક શુલ્કઃ | સ્ટેમ્પ ડ્યુટીઃ |
| અનાદરના શુલ્કઃ | મૂલ્યાંકન શુલ્કઃ | ડિસ્બર્સમેન્ટનો પ્રકારઃ | પુનઃચુકવણીનો પ્રકારઃ |
| બેંક ખાતા નંબરઃ | બેંકનું નામઃ | ખાતાધારકનું નામઃ | લોનનો ઉદ્દેશઃ |
| *કૃષિ ઉદ્દેશ માટે | જમીનનું ક્ષેત્ર (એકરમાં) | પત્તા નંબર/ખાસરા નંબર (વૈકલ્પિક) | |
| *કૃષિ સંબંધિત ઉદ્દેશ માટે | વર્ગ | પેટાવર્ગ | |

**નામાંકનની વિગતોઃ** હું નીચેની વ્યક્તિને નામાંકિત કરૂં છું, જેમને, મારા મૃત્યુની ઘટનામાં, ગીરો મૂકેલી અને બેંકની કસ્ટમી રહેલી સોનાની જામીનગીરી, લોનની ચુકવવાની બાકી રકમની સંપૂર્ણપણે ચુકવણી કરવાની સામે અને બેંક દ્વારા નિર્ધારિત આવશ્યક દસ્તાવેજો રજૂ કરીને બેંક દ્વારા પરત કરવામાં આવી શકે છે.

| | | | |
|---|---|---|---|
| નામાંકિત વ્યક્તિનું નામ: | નામાંકિત વ્યક્તિની જન્મતારીખ: | મારી સાથેનો સંબંધ (જો કોઇ હોય તો): | |
| નામાંકિત વ્યક્તિનું સરનામું: | | | |
| ગાર્ડિયનનું નામઃ | ગાર્ડિયન સાથે સગીરનો સંબંધ (જો કોઇ હોય તો): | ગાર્ડિયનનું સરનામું: | |
| નામાંકિત વ્યક્તિનું સરનામું: | | તારીખઃ | સ્થળઃ |

(*જો નામાંકિત વ્યક્તિ સગીર હોય તો ભરોઃ હું (ગાર્ડિયન) એપોઇન્ટ કરૂં છું તે તારીખના રોજ નામાંકિત વ્યક્તિ સગીર હોવાથી)

હું પુષ્ટિ કરૂં છું કે આ નામાંકન મારા દ્વારા કરવામાં આવેલી કોઇ પણ પ્રકૃતિને ઓવરરાઇડ કરશે, પછી ભલે તે વસીયતનામું હોય કે અન્યથા અને નામાંકિત વ્યક્તિ અન્ય તમામ વ્યક્તિ(ઓ)ને બાદ કરતા ગીરો મૂકેલી અને બેંકની કસ્ટીમાં રહેલી ગીરો મૂકેલી સોનાની જામીનગીરી બેંકને તમામ ચુકવવાની બાકી રકમની ચુકવણી કર્યા પછી પ્રાપ્ત કરવા માટે હકદાર બનશે. હું એ પણ પુષ્ટિ કરૂં છું કે આ રીતે પરત કરીને બેંક મુક્ત અને છૂટી થઇ ગણાશે.

| ગ્રાહકની સહી/અંગુઠાનું નિશાન | સાક્ષી 1 (જો અંગુઠાનું નિશાન મૂકવામાં આવે<br><br>સાક્ષી: | સાક્ષી 2 (જો અંગુઠાનું નિશાન મૂકવામાં આવે) |
|---|---|---|
| | નામ: | નામ: |
| | સરનામું: | સરનામું: |

આ દસ્તાવેજ મારફતે પૂરી પાડેલી માહિતી/ડેટા ઉપરાંત, બેંકના રેકોર્ડ્સ/ડોમેઇનમાં અગાઉથી ઉપલબ્ધ મારી વિગતો/ઓળખપત્રો/માહિતી અરજી કરવામાં આવેલી લોનની પ્રક્રિયા કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. જો બેંકને અગાઉથી રજૂ કરેલી મારી વિગતો/ઓળખપત્રો/માહિતીમાં કોઇ ફેરફાર થાય/બદલાય છે તો હું બેંકને એક અલગ ફોર્મ મારફતે અથવા અન્ય કોઇ રીત જે બેંક નિર્ધારિત કરી શકે તેના દ્વારા મારી અપડેટ કરેલી માહિતી/ડેટા રજૂ કરવાની બાંયધરી આપું છું. (નિયમો અને શરતોમાં સામેલ કરી શકાય છે)

**ઘોષણાં-કમ-નિયમો અને શરતો:**

હું અહીં નીચે પ્રમાણે નિષ્ઠાપૂર્વક ખાતરી આપું છું, જણાવું છું, અધિકૃત્ત કરું છું, બાંયધરી આપું છું અને સંમત્ત થઉં છું:

1) આ ઘોષણાઓ અને નિયમો અને શરતો (**"ટીએન્ડસી"**) મારા અને ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ (CIN: L65110KA2016PLC142162) ("બેંક") વચ્ચેનો કરાર બનાવે છે.

2) એવી રકમની લોન જે મંજૂરી પત્રમાં/જારી કરવામાં આવતા વધુ સંચારમાં ઉલ્લેખિત કર્યા પ્રમાણે કુલ રકમ કરતા વધુ ન હોય તેના માટે અરજી કરીને, પ્રાપ્ત કરીને/અથવા તેના ઉપયોગને જારી રાખીને (મુદ્દતી લોન મર્યાદામાં કોઇ વૃદ્ધિ અથવા ઘટાડા, અથવા પ્રવર્તમાન લોનના રોલઓવર), હું સંમત્ત થઉં છું કે હું, અને મારા કાયદેસરના પ્રતિનિધિઓ, એક્ઝિક્યુટર્સ, વહીવટકારો અને ઉત્તરાધિકારીઓ ટીએન્ડસીથી અને લોનને સંચાલિત કરતા શુલ્ક અને ફીથી બાધ્ય રહેશે, જેમાં બેંક દ્વારા કરવામાં આવેલા એવા તમામ ફેરફાર, બદલાવ અથવા સુધારાઓનો સમાવેશ થાય છે, જે બેંકની સત્તાવાર વેબસાઇટ (www.ujjivansfb.in) (**"વેબસાઇટ"**) પર અને/અથવા કોઇ શાખા દ્વારા સમયાંત્તરે પ્રકાશિત થાય છે.

3) હું જાગૃત્ત છું અને સ્વીકારું છું કે લોનની મંજૂરી બેંકના એક માત્ર વિવેક પર છે, તેથી બેંક લોનની અરજીને કોઇ કારણ આપ્યા વિના નામંજૂર કરી શકે છે અને બેંક મારી ક્રેડિટની આવશ્યકતાઓ માટે ભંડોળ પૂરું પાડવા માટે બાધ્ય નથી.

4) હું મારી માલિકીના સોનાના દાગીનાને ગીરો મૂકીને (**"સોનાની જામીનગીરી"**) લાગુ થવા પાત્ર નિયમો અને શરતોનું પાલન કરીને, લોન એક વખત મંજૂર થાય ત્યાર પછી ઉધાર લઈશ. હું બેંકને મારા ખર્ચે, સોનાની જામીનગીરીનાં મૂલ્ય, ગુણવત્તા અને શુદ્ધત્તાના સંબંધમાં કોઇ નિષ્ણાત(તો) અથવા આકારણીકાર(રો) અથવા પરખકર્તા(ઓ)ની સેવાનો ઉપયોગ કરવા અને તેમની સલાહ ભરોસો કરવા માટે અને લોનની રકમ નક્કી કરવા માટે અધિકૃત્ત કરું છું, જે મારા માટે આખરી અને બંધનકારક રહેશે. નિશ્ચિત સીમાથી વધુની લોનના સંબંધમાં બેંકને એક કરતા વધુ નિષ્ણાત અથવા આકારણીકાર અથવા પરખકર્તા પાસેથી મૂલ્યાંકન અહેવાલ પ્રાપ્ત કરવાની મંજૂરી છે.

5) હું લોનની સમગ્ર અવધિ દરમિયાન બેંક પાસે રાખવામાં આવનારી સીલ પેકમાં સોનાની જામીનગીરી બેંકમાં જમા કરીને બેંકના પક્ષમાં ગીરો કરીને સોનાની જામીનગીરી પર પ્રથમ અને વિશેષ ચાર્જનું સર્જન કરું છું. સોનાની જામીનગીરી તમામ નાણાંઓ જે કોઇ પણ ખાતા પર, પછી તે હાલમાં હોય કે ભવિષ્યમાં, ઋણ લેનાર અથવા શ્યોરિટી અથવા સહ-બાધ્યકર્તા (ક્યાં તો સંયુક્ત અથવા અન્ય કોઇ વ્યક્તિ સાથે અલગ અલગ), મારા દ્વારા બેંકને ચુકવવાના નિયત છે અને ચુકવવા પાત્ર છે તેમના માટે પણ જામીનગીરી હશે. બેંકને સોનાની જામીનગીરી પર કોઇ વ્યક્તિ દ્વારા દાવો કરેલા કોઇ પણ ચાર્જ અથવા લિએન અથવા ભારને ઓળખવાની જરૂર નથી. બેંક દ્વારા સોનાની જામીનગીરીની માત્ર સ્વીકૃતિનો અર્થ એ નથી થતો કે બેંકે તેની શુદ્ધત્તા અથવા સ્રોત અથવા માલિકીની પુષ્ટિ કરી છે અથવા માન્યતા આપી છે. હું બેંકને મારા દ્વારા ચુકવવાના બાકી તમામ લેણાંની ચુકવણી કર્યા વિના સોનાની જામીનગીરીને મુક્ત કરવાની માગણી કરીશ નહીં. હું જાગૃત્ત છું કે હું સોનાની જામીનગીરીને આંશિક રીતે મુક્ત કરવાની માગણી કરવા માટે હકદાર નથી.

6) હું માત્ર એટલા માટે વાંધો નહીં ઉઠાઉં અથવા મારી કોઇ ફરજમાંથી મુક્તિનો દાવો નહીં કરું કે લોનની રકમ ડિસ્બર્સ કરેલી રકમ અરજી કરવામાં આવેલી હોય તેના કરતા ઓછી છે. મંજૂર કરવામાં આવી હોવા છતાં પણ જો હું લાગુ થવા પાત્ર નિયમો અને શરતોનું પાલન કરું તો બેંકે ડિસ્બર્સ કરવાની આવશ્યકતા નથી, અને/અથવા ડિસ્બર્સમેન્ટને પ્રતિબંધિત કરી શકે છે. લોન બેંકના વિવેક પર ખાતામાં જમા કરીને અથવા આવા અન્ય કોઇ મંજૂરી પ્રાપ્ત પ્રકાર મારફતે ડિસ્બર્સ કરી શકે છે.

7) હું જે ઉદ્દેશ માટે અરજી કરવામાં આવી છે માત્ર તે ઉદ્દેશ માટે જ લોનનો ઉપયોગ કરીશ. જો લોન કૃષિ અથવા સંબંધિત ઉદ્દેશો માટે લેવામાં આવી હોય, તો હું કૃષિ અને/અથવા સંબંધિત પ્રવૃત્તિઓ કરતો હોવાના પુરાવા માટે બેંક દ્વારા નિર્ધારિત સહાયક દસ્તાવેજો બેંકમાં રજૂ કરીશ.

8) જો હું મર્યાદામાં વૃદ્ધિ અથવા ઘટાડો કરવાની, અથવા પ્રવર્તમાન લોનના રોલઓવરની માગણી કરું તો, પ્રવર્તમાન લોન હેઠળ બાકી લેણાં (જો કોઇ હોય તો)ની પુનઃચુકવણી મારા પોતાના ભંડોળ અથવા પોતાના સ્રોતમાંથી કરીશ.

9) જો બેંક મર્યાદામાં વૃદ્ધઇ અથવા ઘટાડાની, અથવા પ્રવર્તમાન લોનના રોલઓવર માટે મંજૂરી આપે તો, હું સમયાંત્તરે સુધારેલ, પુનઃજણાવેલ, પૂરક અને/અથવા બદલેલા નિયમો અને શરતોને આધિન લોનની પુનઃચુકવણી/એમોર્ટાઇઝ કરીશ. આ ઉપરાંત, સોનાની જામીનગીરી, મર્યાદામાં વૃદ્ધિ અથવા ઘટાડો, અથવા રોલઓવર કર્યા પ્રમાણે લોન માટેની જામીનગીરી/નિરંતર જામીનગીરી હશે (અને રહેશે).

10) બેંક તેના એક માત્ર વિવેક પર (કોઇ કારણ આપ્યા વિના) મંજૂરી પત્ર જારી કર્યા પછી કોઇ પણ તબક્કે, લોનને પાછી ખેંચી શકે છે અને/અથવા લોન રદ (સંપૂર્ણ અથવા આંશિક) કરી શકે છે.

11) (i) **વ્યાજ અને શુલ્ક/ખર્ચ સાથેની લોન મંજૂરી પત્રમાં સ્પષ્ટ કર્યા પ્રમાણેની શરતો અનુસાર નિયત તારીખ(ખો)ના રોજ પુનઃચુકવવી જોઇએ.** (ii) જો પુનઃચુકવણી માટેની કોઇ નિયત તારીખ જાહેર રજા (એટલે કે બીજો શનિવાર, ચોથો શનિવાર, રવિવાર અથવા વિનિમયક્ષમ ધારા (વટાઉખત અધિનિયમ), 1881 (1881ની 26) ની સેક્શન 25ના ઉદ્દેશ માટે જાહેર રજા અને સંબંધિત ક્લિઅરિંગ હાઉસ અથવા બેંકના કારોબારનાં સ્થળે, જ્યાં લોન ખાતું જાળવવામાં આવે છે તેના સંબંધમાં એવા દિવસો, જેના રોજ બેંકો કારોબાર માટે ખુલ્લી ન હોય) તો પુનઃચુકવણી પછીના કાર્યના દિવસ (એટલે કે જાહેર રજા સિવાયના અન્ય દિવસ, જેના રોજ બેંક અને બેંકો લોન ખાતું જાળવવામાં આવતું હોય એવા સ્થળે કારોબાર માટે ખુલ્લી હોય). પર કરવામાં આવશે. (iii) હું બેંકને માત્ર વસૂલાત પછી અને આવી વસૂલાત પછી થતી ચુકવણી માટેની ક્રેડિટ્સ (તે પ્રાપ્ત કરવામાં આવી હોય તે રીતને ધ્યાનમાં લીધા વિના) આપવા માટે અધિકૃત્ત કરું છું અને હું બેંકને તેના દ્વારા થયેલા કોઇ પરિણામી નુકસાન માટે વળતર આપીશ.

12) હું જાગૃત્ત છું અને સ્વીકારું છું કે લોન પર ચુકવવાપાત્ર વ્યાજની ગણતરી બેંકની પ્રચલિત નીતિ અનુસાર થશે, અને વાસ્તવિક વ્યાજદર બેંક દ્વારા નક્કી કર્યા પ્રમાણે ક્યાં તો ફંડ આધારિત ધિરાણ દરના માર્જિનલ કોસ્ટ ("MCLR") અથવા આંતરિક બેન્ચમાર્ક લેન્ડિંગ રેટ ("EBLR") વચ્ચા લાગુ થવા પાત્ર સ્પ્રેડ (એટલે કે, દરેક ઋણ લેનારનાં જોખમ ભારને આધારે નિર્ધારિત કરેલી માર્ગદર્શિકા/નીતિઓ અનુસાર બેંક દ્વારા પ્રાપ્ત કરેલ સ્પ્રેડ અને સ્પ્રેડ તમામ ઋણ લેનારાઓ માટે એકસમાન ન પણ હોઇ શકે) અને વાસ્તવિક વ્યાજદર MCLR અથવા EBLRમાં સ્પ્રેડના ઘટકનો ઉમેરી કરીને નિર્ધારિત કરવામાં આવે છે.

13) જો હું લોન હેઠળ બાકી લેણાંની પુનઃચુકવણીમાં ડિફોલ્ટ થઉં છું અથવા વિલંબ કરું છું તો હું મોટી ચુકવણીના શુલ્ક/દંડાત્મક શુલ્કની અને બેંક દ્વારા નિર્ધારિત કરેલા આવા અન્ય શુલ્ક ચુકવણી કરીશ. જો હું લોન પ્રાપ્ત કરવાનું પસંદ ન કરું છતાં પણ નોન-રિફંડેબલ પ્રોસેસિંગ ફી ચુકવવામાં આવશે. હું લાગુ થવા પાત્ર દસ્તાવેજીકરણના શુલ્ક, સ્ટેમ્પ ડ્યુટી, ચેક/ACH/SI રિટર્ન શુલ્કની અને મંજૂરી પત્રમાં ઉલ્લેખ કરેલા આવા તમામ શુલ્કની પણ ચુકવણી કરીશ. હું બેંકને મારા ખાતામાંથી સોનાની જામીનગીરીનાં મૂલ્યમાં ઘટાડો થવાને લીધે માર્જિન/લોનથી મૂલ્ય ગુણોત્તરમાં થયેલી કોઇ ખાધને ઘટાડવા માટે પણ અધિકૃત્ત કરું છું.

14) જો બેંક સોનાની જામીનગીરીની સ્વીકૃત્તિની કોઇ રસીદ મને જારી કરે છે અને જારી કર્યા પછી રસીદ ખોવાઇ જાય છે/ઉપયોગ માટે અયોગ્ય જણાય છે તો બેંક દ્વારા આવશ્યક કરેલી ક્ષતિપૂર્તિ/અન્ય દસ્તાવેજો પૂરા પાડવા ઉપરાંત બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા આવા શુલ્કની ચુકવણી ન કરું ત્યાં સુધી બેંક ડુપ્લિકેટ રસીદ જારી કરવા માટે અથવા સોનાની જામીનગીરી મુક્ત કરવા માટે ત્યાં સુધી બાધ્ય નથી.

15) હું જાગૃત્ત છું કે આંશિક ચુકવણી અને/અથવા પ્રિ-ક્લોઝરની સ્વીકૃતિ બેંકના વિવેક પર છોડવામાં આવે છે અને હું સમયાંત્તરે બેંક દ્વારા નિર્ધારિત વધારાના નિયમો અને શરતો દ્વારા પણ બાધ્ય રહીશ.

16) હું નિરંતર આધાર પર રજૂ કરું છું અને આશ્વાસન આપું છું કે: (i) હું લોનની અવધિ દરમિયાન બેંક દ્વારા નિર્ધારિત હોઇ શકે એવા માર્જિન/લોનથી મૂલ્યનાં ગુણોત્તરને જાળવશે, અને જો કોઇ નીચો તફાવત હોય તો હું બેંકના સંતોષ સુધી વધારાની જામીનગીરી પૂરી પાડીશ અથવા બેંક દ્વારા જારી કરેલી આવી સૂચનાનું પાલન કરીશ, (ii) હું ભારતનો નાગરિક છું, (iii) મેં લોન હેઠળ ફરજોના પ્રદર્શન અને અનુપાલન સુનિશ્ચિતકરવા માટે તમામ કૃત્યો કર્યા છે અને તમામ અધિકૃત્તતા ધરાવું છું, (iv) મારી અથવા મારી સંપત્તિની સામે કોઇ સિવિલ અથવા ફોજદારી કાર્યવાહીઓ (નાદારીની પ્રક્રિયા સહિત, પરંતુ તેને મર્યાદિત નહીં) પૂર્ણ ન થઈ હોય અથવા આરંભ થઈ ન હોય અથવા પડતર હોય અથવા ધમકી આપવામાં આવી હોય, (v) લેખિતમાં જાહેર કરેલી હદ

સિવાય, હું બેંક અથવા અન્ય કોઇ બેંકનો નિર્દેશક નથી કે નિર્દેશકનો સંબંધી નથી અથવા બેંકનો વરિષ્ઠ અધિકારી અથવા વરિષ્ઠ અધિકારીનો સંબંધી નથી કે બેંકના કોઇ નિર્દેશક કે કર્મચારી કે વરિષ્ઠ અધિકારી અથવા તેમના સંબંધિ મારા દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓમાં કોઇ નોંધપાત્ર હિત ધરાવતા નથી. આ ઉપરાંત, હું બેંક/અન્ય બેંકો દ્વારા સ્થાપવામાં આવેલા મ્યુચ્યુઅલ ફંડ્ઝ/વેન્ચર કેપિટલ ફંડ્ઝની પેટાકંપનીઓના નિર્દેશક/ટ્રસ્ટીઓનો સંબંધી નથી, (vi) હું ડિફોલ્ટર/ઇરાદાપૂર્વકનો ડિફોલ્ટર નથી અથવા ડિફોલ્ટર/ઇરાદાપૂર્વકના ડિફોલ્ટર તરીકે ઘોષણાં કરવા માટેની કોઇ કાર્યવાહીનો સામનો કરી રહ્યો નથી અને જો કોઇ ધિરાકણકર્તા મને ઇરાદાપૂર્વકના ડિફોલ્ટર તરીકે જાહેર કરવા માટેનાં પગલાં આરંભે અથવા તેની ધમકી આપે તો બેંક મારી સામે યોગ્ય કાર્યવાહી કરવા માટેનો અધિકાર ધરાવશે, (vii) હું લોનના અંતિમ ઉપયોગના સંબંધમાં બેંક દ્વારા નિર્ધારિત કર્યા પ્રમાણેના આવા ફોર્મ, પ્રકાર અને રીતમાં બેંકને પ્રમાણપત્ર રજૂ કરીશ અને જો આવું પ્રમાણપત્ર ખોટું હોવાનું મળી આવે તો બેંક મારી સામે યોગ્ય પગલાં (ફોજદારી કાર્યવાહી સહિત) લેવાનો અધિકાર ધરાવશે, (viii) જે ઉદ્દેશ માટે લોન લેવામાં આવી હોય તે ગેરકાયદેસર, સટ્ટાકીય અથવા ધૃણાસ્પદ ન હોય, (ix) જમા કરવા માટે પ્રસ્તાવિત સોનાની જામીનગીરી પ્રામાણિત સ્ત્રોતોથી મારા દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે અને તે બોનાફાઇડ સંપત્તિ છે અને તેના માટેના મારા શિર્ષક ચોરી કે દોષપૂર્ણ/કોઇ પણ રીતે કોઇ વ્યક્તિ દ્વારા પડકારનો વિષય નથી કે કોઇ વ્યક્તિ કોઇ દાવો, લિએન અથવા તેની સામે ચાર્જ ધરાવતી નથી, (x) સોનાની જામીનગીરી કોઇ પડતર અથવા ધમકીપૂર્ણ તપાસને આધિન નથી.

17) નીચેમાંથી કોઇ પણ ઘટનાઓ થવાને ડિફોલ્ટની ઘટના માનવામાં આવશે ("**ડિફોલ્ટની ઘટના**"): (1) નિયત તારીખ/પાકતી મુદ્દતના રોજ લોન હેઠળની રકમની બિન-ચુકવણી, (2) નિયત તારીખ પહેલા ACH/SIનું નોન-રિન્યુઅલ, (3) કોઇ પણ નિયમો અને શરતોનું ઉલ્લંઘન, (4) બેંકને આપવામાં આવેલી માહિતી/રજૂઆત/ઘોષણાંઓ ખોટી, ગેરમાર્ગે દોરતી અથવા ભૂલ ભરેલી મળી આવી, (5) લોન દસ્તાવેજો અથવા તેનાથી વિપરિત હેઠળ બેંક, કોઇ બેંક અને/અથવા નાણાકીય સંસ્થા અને/અથવા અન્ય ક્રેડિટર્સ સાથે મારા દ્વારા કરવામાં આવેલા ક્રેડિટ સુવિધાના કરાર હેઠળ કોઇ ડિફોલ્ટ, (6) મને નાદાર અથવા ઇરાદાપૂર્વકના ડિફોલ્ટર જાહેર કરવા અથવા તેના હેઠળ મારી વિરુદ્ધ કોઈ આદેશ પસાર કરવા માટે કોઈ પણ કાર્યવાહી શરૂ કરવી અથવા તેના માટેની ધમકી આપવી, (7) મારું મૃત્યુ, નાદારી, કારોબારમાં નિષ્ફળતા અથવા નાદારીનું કાર્ય કરવું, (8) મારા અથવા સોનાની જામીનગીરી સામે કોઈ પણ જપ્તી , સંકટ, બજવણી અથવા અન્ય પ્રક્રિયા, (9) બેંકની પૂર્વ સંમત્તિ વિના, સોનાની જામીનગીરી પર કોઇ બોજ અથવા ચાર્જ અથવા લિએનના સર્જન અથવા તેના પ્રયાસની ઘટના, (10) સોનાની જામીનગીરીનાં મૂલ્યમાં ઘટાડા તરફી તફાવત, (11) શંકાસ્પદ છેતરપિંડીની જાણ થવી, સોનાની જામીનગીરીની શુદ્ધત્તા અથવા માલિકી અંગે શંકા, અથવા (12) કોઇ પણ સંજોગનું અસ્તિત્ત્વ, બેંકના અભિપ્રાયમાં, જે બેંકનાં હિતને જોખમમાં મૂકતું હોય. બેંક ઉપરની કોઇ પણ ઘટના થવાના સંબંધમાં નિર્ણય લેવાની એક માત્ર અધિકૃત્તતા ધરાવશે અને હું બેંકના અભિપ્રાય/નિર્ણયથી બાધ્ય રહીશ. હું જાગૃત્ત છું કે આવકની ઓળખ, સંપત્તિનું વર્ગીકરણ અને એડવાન્સિસને સંબંધિત જોગવાઇ કરવા અંગે આરબીઆઇની માર્ગદર્શિકાના ઉદ્દેશ માટે માત્ર નિયત તારીખ/પુનઃચુકવણીની તારીખ (મંજૂરી પત્ર અથવા આવા અન્ય સંવાદ મારફતે મને જાણ કરવામાં આવ્યા પ્રમાણે)ને માનવામાં આવશે, ભલે પછી બેંકે તેના વિવેક પર લોન અને તેના હેઠળનાં બાકી લેણાંની પુનઃચુકવણી માટે છૂટની અવધિ (જો કોઇ હોય તો) મંજૂર કરી હોય કે ન હોય. હું એ બાબતથી પણ જાગૃત્ત છું કે સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ ("SMA") તરીકે લોનનાં વર્ગીકરણ માટેનો આધાર નીચે પ્રમાણે હશે (સમયાંત્તરે આરબીઆઇ દ્વારા જારી કરેલ માર્ગદર્શિકાને આધિન):

| એસએમએ પેટા-વર્ગ | વર્ગીકરણનો આધાર – મૂળ રકમ અથવા વ્યાજની ચુકવણી અથવા અન્ય કોઇ રકમ સંપૂર્ણ અથવા આંશિક ઓવરડ્યુ |
|---|---|
| SMA-0 | 30 (ત્રીસ) દિવસ સુધી |
| SMA-1 | 30 (ત્રીસ) દિવસ કરતા વધુ અને 60 (સાઠ) દિવસ સુધી |
| SMA-2 | 60 (સાઠ) દિવસ કરતા વધુ અને 90 (નેવુ) દિવસ સુધી |

લોનનું નોન-પર્ફોર્મિંગ એસેટ ("NPA") તરીકે વર્ગીકરણનો આધાર નીચે પ્રમાણે હશે (જે સમયાંત્તરે આરબીઆઇ દ્વારા જારી માર્ગદર્શિકાને આધિન હશે): વ્યાજ અને/અથવા મૂળ રકમના હપ્તા 90 (નેવુ) દિવસ કરતા વધુ સમય માટે ઓવરડ્યુ રહે છે. [બેંક દ્વારા નિયત તારીખ/પુનઃચુકવણીની તારીખ (બેંક દ્વારા જારી કરેલા મંજૂરી પત્રમાં અથવા આવા અન્ય સંવાદમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે) માટે તેના દિવસના અંતની પ્રક્રિયાના ભાગ રૂપે લોન ખાતું ઓવરડ્યુ તરીકે ચિહ્નિત કરવાં આવશે, ભલે પછી બેંક દ્વારા આવી પ્રક્રિયાઓ ચલાવવાનો સમય ગમે તે હોય. લોન ખાતાનું SMA તેમ જ NPA તરીકેનું વર્ગીકરણ સંબંધિત તારીખ માટે દિવસના અંતની પ્રક્રિયાના ભાગ તરીકે કરવામાં આવશે. એસએમએ અથવા એનપીએ વર્ગીકરણની તારીખ એ કેલેન્ડરની તારીખ હશે, જેના માટે દિવસના અંતની પ્રક્રિયા ચાલે છે.]

18) ડિફોલ્ટ થવાની ઘટના સર્જાવા પર લાગુ થવા પાત્ર કાયદા અથવા અન્યથા હેઠળ બેંક પાસે હોઇ શકે એવા અન્ય કોઇ અધિકારોનો પૂર્વગ્રહ રાખ્યા વિના બેંકઃ (એ) મને લેખિતમાં 7 (સાત) દિવસની નોટિસ જારી કરીને જાહેર કરી શકે છે કે લોન અને તમામ ઉપાર્જિત વ્યાજ અને શુલ્ક તરત જ ચુકવવા પાત્ર બને છે, અને/અથવા (બી) 7 (સાત) દિવસના કાર્યના દિવસો અથવા બેંકને યોગ્ય લાગી શકે એવી અન્ય અવધિની નોટિસ મને આપ્યા પછી બેંક માર્ગદર્શિકા અનુસાર ખાનગી સંધિ અથવા જાહેર હરાજી (ખુલ્લા બજારમાં હરાજી સહિત) અથવા અન્યથા દ્વારા સોનાની જામીનગીરીને વેચશે, જેના માટે કરાર ધારા (અધિનિયમ), 1872ની સેક્શન 176ના ઉદ્દેશ માટે વ્યાજબી અવધિ તરીકે સ્વીકારું છું અને સંમત્ત છું. જો પ્રાપ્ત કરેલી આવક લોન હેઠળ ચુકવવાની બાકી રહેતી રકમને પહોંચી વળવા માટે અપૂરતી હોય તો, બેંક શેષ રકમને પ્રાપ્ત કરવા માટે મારા અને/અથવા મારી સંપત્તિ સામે આવા કોઇ પગલાં ભરી શકે છે. બેંક અન્ય કોઇ કાનૂની કાર્યવાહી આરંભ કરતા પહેલા સોનાની જામીનગીરીને વેચવાના ઉપાયને પહેલા સમાપ્ત કરવા માટે બાધ્ય નહીં હોય, અને બેંક આવી કાનૂની કાર્યવાહીઓ શરૂ કરી શકે છે, પછી તે અન્ય ઉપાયો પહેલા, સાથે અથવા પછીથી હોય. બેંક દ્વારા તેના પ્રતિનિધિઓ, સેવકો, અધિકારીઓ, એજન્ટ્સ, ત્રાહિત પક્ષ/વસૂલાત કરતા એજન્ટ્સ અને/અથવા એવી અન્ય કોઇ વ્યક્તિ, જે બેંક દ્વારા નિયુક્ત હોય (હવે પછી "પ્રતિનિધિ") મારફતે તમામ અથવા કોઇ પણ પ્રતિનિધિઓને મને/મારા ઉત્તરાધિકારીઓને નોટિસ મોકલવી, રોકડ/ચેક/ડ્રાફ્ટ્સ/મેન્ડેટ્સ વગેરે પ્રાપ્ત કરવા અને મને માન્ય તથા અસરકારક રસીદો અને ડિસ્ચાર્જ આપવા સહિતની તેની સાથે સંબંધિત અને તેની સાથે પ્રાસંગિક તમામ કાયદેસરના કૃત્યો, ડીડ્સ, બાબતો અને વસ્તુઓ અમલી કરવા માટેના અધિકારો અને અધિકૃત્તતા સહિત લોન દસ્તાવેજો હેઠળ મારા અથવા મારા ઉત્તરાધિકારીઓ પાસેથી મારી પાસેથી ચુકવવાની બાકી હોય એવા તમામ બાકી લેણાં અને અન્ય રકમ બેંકના પક્ષે વસૂલવા અને પ્રાપ્ત કરવા માટેની તેની કામગીરીના અધિકારો અને સત્તાઓ સોંપીને આ ઉપાયોનો ઉપયોગ કરી શકે છે. ઉપર જણાવેલ ઉદ્દેશો માટે અથવા અન્ય કોઇ ઉદ્દેશો માટે, બેંકના વિવેક પર, બેંક મને અને લોનને સંબંધિત તમામ માહિતી પ્રતિનિધિઓ સમક્ષ જાહેર કરવા માટે હકદાર હશે. ઉપર જણાવ્યા છતાં પણ, બેંક (અને/અથવા આવા કોઇ ત્રાહિત પક્ષ) કોઇ પણ ત્રાહિત પક્ષ (મારા પરિવારના સભ્યો સહિત)નો સંપર્ક કરી શકે છે તથા મને અને લોનને સંબંધિત તમામ આવશ્યક અથવા સંબંધિત માહિતી જાહેર કરી શકે છે. હું જાગૃત્ત છું કે હું કોઇ પણ સમયે બેંકના આ અધિકાર સાથે અસંમત્ત થવાનો અધિકાર ધરાવીશ, અને જો હું બેંકને આ સંબંધે અગાઉથી લેખિતમાં વિનંતી મોકલું છું તો બેંક આ વિનંતીઓ પર વિચાર કરશે.

19) હું જાગૃત્ત છું કે બેંક બેંકને મારા દ્વારા ચુકવવાના બાકી તમામ લેણાંની ચુકવણીના 30 (ત્રીસ) દિવસોની અંદર મેં લોન પ્રાપ્ત કરી હોય તે શાખા મારફતે સોનાની જામીનગીરી મુક્ત કરશે અને મારે મારી જવાબદારી પર તેને એકત્રિત કરવાના રહેશે, આમ કરવામાં નિષ્ફળ જતા હું બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા શુલ્ક ચુકવવા માટે બાધ્ય છું. હું બેંકને સોનાની જામીનગીરી પાછી મેળવવામાં મારા પક્ષે થયેલા કોઇ વિલંબ અને/અથવા લોન સમાપ્ત થયા પછી પણ બેંક પાસે સાથે પડી રહેલી શેષ સોનાની જામીનગીરીને લીધે મારા હેઠળ દાવો કરેલા મારા કે અન્ય કોઇને થયેલા કોઇ નુકસાન માટે જવાબદાર ઠેરવીશ નહીં. બેંક લોન સમાપ્ત થયા પછી મને અથવા મારા મૃત્યુના કિસ્સામાં મારા કાયદેસરના વારસાદરો/મારા દ્વારા નિયુક્ત નોમિનીને સોનાની જામીનગીરી સોંપી શકે છે.

20) કોઇ સામાન્ય લિએન અને સેટ ઓફ કરવાના અધિકાર અને લાગુ થવા પાત્ર અથવા અન્યથા બેંકને ઉપલબ્ધ સમાન અધિકારો ઉપરાંત, બેંક કોઇ પણ સમયે અને મને સૂચિત કર્યા વિના, મારા તમામ અથવા કોઇ પણ થાપણ ખાતાને સંયોજિત અથવા એકત્રિત કરી શકે છે અને લોન હેઠળ અથવા અન્યથા, વાસ્તવિક અથવા આકસ્મિક, પ્રાથમિક અથવા કોલેટરલ અને સંયુક્ત અથવા ઘણા હેઠળ બેંકને મારી કોઇ પણ જવાબદારીઓના સંતોષ માટે કોઇ પણ રકમ અથવા રકમો સેટ-ઓફ અથવા ટ્રાન્સફર કરી શકે છે. બેંક મારા દ્વારા બેંક સાથે રહેલા અન્ય કોઇ ખાતાના સંબંધમાં ચુકવવાની બાકી રકમ અથવા લેણાંના સંબંધમાં કોઇ સોનાની જામીનગીરી પર લિએનનો ઉપયોગ પણ કરી શકે છે.

21) હું સમજું છું કે કલેક્શન, વપરાશ અને પ્રક્રિયાના સંબંધમાં હું મારા વ્યક્તિગત ડેટા પર અમુક અધિકારો ધરાવું છું. આ અધિકારો પુષ્ટિ અને પહોંચ, સુધારા અને છેકી નાંખવા, ઘોષણાંની આપત્તિ અને વ્યક્તિગત ડેટાની પોર્ટેબિલિટીને સંબંધિત છે, અને આ હકો મને બેંકની સંબંધિત માર્ગદર્શિકામાં નિર્ધારિત રીતે ઉપલબ્ધ છે, જે સંબંધિત ડેટાના ગોપનીયતાના કાયદાની જોગવાઇઓને અનુરૂપ છે. મેં બેંકની સંબંધિત માર્ગદર્શિકા વાંચી છે (અથવા તેને સમજાવવામાં આવી છે) અને મેં તેના કન્ટેન્ટ્સને સમજ્યા છે. હું જાગૃત્ત છું કે હું જો આવશ્યક લાગે તો બેંક પાસેથી નકલ મેળવી શકું છું. હું સમજું છું કે બેંક દ્વારા વ્યક્તિગત ડેટા માત્ર મારી માન્ય સંમત્તિ સાથે જ એકત્રિત કરી શકાય છે અને એ કે તે માત્ર બેંકની સંબંધિત માર્ગદર્શિકાને અનુસાર ઉપયોગમાં લઈ શકાય છે અથવા પ્રક્રિયા કરી શકાય છે. બેંકને કોઇ પણ વૈધાનિક/નિયમનકારી સંસ્થાઓ અથવા નાણાકીય સંસ્થાઓ અથવા ક્રેડિટ બ્યુરો/એજન્સીઓ અથવા બેંકની પેરેન્ટ/પેટાકંપની/સહયોગીઓ/એસોસિએટ અથવા બેંક દ્વારા સામેલ અન્ય કોઇ ત્રાહિત પક્ષ અથવા એવા લોકો જેમની સાથે બેંક કારોબાર સંબંધ ધરાવે છે, એવા લોકો સાથે, આવશ્યક હોઇ શકે/કાયદા, નિયમ અથવા નિયમન દ્વારા મંજૂરી આપેલ હોઇ શકે અથવા બેંક દ્વારા આવશ્યક કર્યા પ્રમાણે, મારી/અમારી અથવા મારા/અમારા ખાતા(ઓ)ને સંબંધિત (વ્યક્તિગત સંવેદનશીલ ડેટા/માહિતી અને/અથવા અન્ય કોઇ માહિતી, જેના માટે સંબંધિત કાયદાઓ/નિયમોની લાગુ થવા પાત્ર જોગવાઇ હેઠળ સંમત્તિની આવશ્યકતા હોય એવી વ્યક્તિગત સંવેદનશીલ ડેટા/માહિતી અને/અથવા અન્ય કોઇ માહિતી) કોઇ પણ અથવા તમામ માહિતી અને ડેટા, પછી તે મારા દ્વારા પૂરા પાડવામાં આવ્યા હોય અથવા અન્યથા, તેમનું આદાન-પ્રદાન, આપ-લે, જાહેર અથવા અલગ કરવા માટે અધિકૃત્ત કરું છું અને હું બેંક અથવા તેના એજન્ટ્સ/પ્રતિનિધિઓ/કર્મચારીઓને આવી માહિતીનો ઉપયોગ કરવા/આપ-લે કરવા માટે જવાબદાર ઠેરવીશું નહીં. હું બેંકને નાદારી અને દેવાળિયાપણું સંહિતા, 2016 ('**સંહિતા**')ની સેક્શન 3 (13)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે, બેંક પાસેથી મારા દ્વારા પ્રાપ્ત ક્રેડિટ/નાણાકીય સુવિધાઓનાં સંબંધમાં, સમયાંત્તરે, કોઇ 'ઇન્ફોર્મેશન યુટિલિટી' (IU)માં, સંહિતના સેક્શન 3(21)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે, સમયાંત્તરે બેંકો પાસેથી RBI દ્વારા જારી નિર્દેશોનાં અનુસરણમાં, સમયાંત્તરે સુધાર્યા પ્રમાણે અને સમયાત્તંરે અમલી અને સમયાંત્તરે તેના હેઠળ નિર્દિષ્ટ સંહિત હેઠળ ઘડવામાં આવેલા સંબંધિત નિયમનો/નિયમોની સાથે 'નાણાકીય માહિતી' જાહેર/રજૂ કરવા માટે વિશિષ્ટ સંમત્તિ આપું છું અને હું અહીં સંબંધિત 'IU' દ્વારા જ્યારે પણ વિનંતી કરવામાં આવે ત્યારે બેંક દ્વારા રજૂ કરેલી 'નાણાકીય માહિતી'ને ત્વરીત પ્રમાણિત કરવા માટે સ્પષ્ટપણે સંમત્તિ આપું છું.

22) હું જાગૃત્ત છું કે હું અન્ય કોઇને લોન દસ્તાવેજો હેઠળ મારા હકો અને/અથવા ફરજો ટ્રાન્સફર/એસાઇન કરવા માટે હકદાર નહીં હોઉં. જો કે, બેંક તેના વિવેક પર લોન અથવા તેના કોઇ ભાગ હેઠળ ચુકવવાની બાકી રહેતી રકમના સંબંધમાં તેના હકો અને/અથવા ફરજોને મને સૂચિત કર્યા વિના, અન્ય કોઇ એન્ટિટીને, મને સૂચિત કર્યા વિના તેના વિવેક પર તેના અધિકારો અને/અથવા ફરજોને ટ્રાન્સફર/એસાઇન કરવાના બેંકના અધિકારોના પૂર્વગ્રહ વિના, લોન ("સહભાગિતા" હેઠળ તેની ચુકવવાની બાકી રહેતી સંપૂર્ણ રકમ કે તેનાને ભાગને યુનિફોર્મ કોડ ગર્વનિંગ ઇન્ટર બેંક પાર્ટિસિપેશન, 1988 અથવા તેના સુધારાઓ (જેની કોપી માગણી કરવા પર બેંક પાસેથી મળી શકે છે)ની જોગવાઇઓ, જેમને અમે વાંચી અને સમજી છે તેના હેઠળ એક અથવા વધુ શિડ્યુલ વાણિજ્ય બેંકો ("સહભાગી બેંક/કો")ને ટ્રાન્સફર/એસાઇન કરી શકે છે. આ સહભાગિતા કોઇ પણ રીતે લોનના સંબંધમાં મને અને બેંકના હકો અને ફરજોને અસર કરશે નહીં. હું કોઇ પણ સહભાગી બેંકો સાથે કરારની ગોપનીયતાનો દાવો કરશે નહીં અને હું આવા એસાઇન્મેન્ટ હોવા છતાં પણ નિયમો અને શરતોને બાધ્ય રહેવાનું જારી રાખીશ, અને હું એ વાતથી પણ સંમત્ત છું કે એસાઇની એસાઇન્મેન્ટ અમલી થવા પર લોનમાં હિત પ્રાપ્ત કરશે.

23) અહીં અથવા મારા દ્વારા આપેલા અન્ય કોઇ દસ્તાવેજો અથવા સૂચનાઓ, લોનની પુનઃચુકવણી માટે બેંક દ્વારા પ્રાપ્ત કરેલ/મેળવેલ/વસૂલ કરેલ રકમને બેંક દ્વારા યોગ્ય લાગે એ રીતે, તેના સંપૂર્ણ વિવેક પર મારા દ્વારા ચુકવવાની નિયત રકમ માટે વિનિયોજિત કરવામાં આવી શકે છે.

24) હું સ્પષ્ટપણે સંમત્ત છું કે હું લોન અથવા અન્ય કોઇ સંબંધિત દસ્તાવેજમાંથી ઉદ્ભવતા અને/અથવા પક્ષોના હકો, ફરજો, જવાબદારીઓથી સંબંધિત તમામ વિવાદો શહેર/સ્થળ કે જ્યાં બેંકની શાખામાં લોન ખાતું જાળવવામાં આવે છે ત્યાંની અદાલત/ટ્રિબ્યુનલનાં ન્યાયક્ષેત્રને આધિન હશે અને તેને અનુસાર કોઇ કાનૂની કાર્યવાહી, દાવો અથવા પ્રક્રિયાઓ સમકક્ષ ન્યાયક્ષેત્રની તે અદાલતો/ટ્રિબ્યુનલ્સમાં લાવવામાં આવી શકે છે. જો કે, એ શરતે કે બેંક અન્ય કોઇ સ્થળે સમકક્ષ ન્યાયક્ષેત્રની અન્ય કોઇ અદાલતમાં તેને આગળ વધારવા માટે અધિકૃત્ત છે અને હું આ અદાલતો/ટ્રિબ્યુનલ્સનાં ન્યાયક્ષેત્રને સંમત્ત છું અને સ્વીકારું છું. હું તમામ લોન દસ્તાવેજો માટે સંમત્ત છું અને સ્વીકારું છું તથા નિયમો અને શરતો ભારતીય કાયદાઓને અનુસાર શાસિત હશે અને અર્થઘટિત હશે.

25) કોઇ નોટિસ અથવા વિનંતી અથવા સંવાદ લેખિત કરવામાં આવશે અને બેંકની સંબંધિત શાખાને મોકલવામાં આવશે. બેંક મને કોઇ પણ રીતે નોટિસ/વિનંતી/સંવાદ (જો કોઇ હોય તો) મોકલી શકે છે, જે બંકને ઉચિત અને યોગ્ય લાગે અને તે મારા દ્વારા પ્રાપ્ત કર્યા હોવાનું માનવામાં આવશેઃ (1) જો પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યા હોય તો, 2 (બે) દિવસ પૂરા થવા પર તેને પોસ્ટઓફિસમાં ડિલિવર કરવામાં આવશે, અને (2) જો વ્યક્તિગત રીતે આપવામાં આવ્યા હોય, જ્યારે મારા સરનામાં પર મૂકવામાં આવ્યા હોય અને આવી નોટિસ કે સંવાદ મોકલતા બેંકના અધિકારી દ્વારા એવું પ્રમાણપત્ર કે તેને આપવામાં આવ્યા હતા અથવા બનાવવામાં આવ્યા હતા તે મારા દ્વારા આખરી, નિર્ણાયક અને બાધ્ય રહેશે.

26) જો પૂરી પાડેલી વિગતોમાં કોઇ ફેરફાર થાય છે તો હું બેંકને સહાયક પુરાવાની સાથે આવા ફેરફારના 2 (બે) સપ્તાહની અંદર આવા ફેરફાર અંગે લેખિતમાં બેંકને જાણ કરવાની બાંયધરી આપું છું અને ત્યાં સુધી બેંક લોનને સંબંધમાં તેના ડોમેઇનમાં ઉપલબ્ધ માહિતીને ઓળખવા માટે અધિકૃત્ત છે.

27) હું સંમત્ત છું કેઃ (1) ચોરી/આગ/કુદરતી આફત/આકસ્મિક આપત્તિની ઘટના/ઇશ્વરી કૃત્ય/સરકારી દ્વારા લાદેલા નિયમનો/બેંકનાં નિયંત્રણ બહારની અણધારી ઘટનાઓને લીધે સોનાની જામીનગીરીને નુકસાન અથવા હાનિના કિસ્સામાં બેંકની જવાબદારી વીમાકંપની પાસેથી પ્રાપ્ત વીમા દાવાની સમપ્રમાણ રકમની ચુકવણી સુધી મર્યાદિત રહેશે, (2) હું બેંકને કોઇ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી અને સમાન વેરા કે શુલ્કને ચુકવવામાં વિલંબ અથવા ચૂકનાં સંબંધમાં અથવા તેમાંથી પરિણમતા કોઇ દંડ સહિતના કોઇ પણ અથને તમામ નુકસાન, ખર્ચ, શુલ્ક, વ્યવ અન જવાબદારીઓની સામે દરેક વખતે ક્ષતિપૂર્તિ કરવા ઉપરાંત આ નિયમો અને શરતો તથા અન્ય લોન દસ્તાવેજોની સ્વીકૃત્તિ, ડિલિવરી, પ્રદર્શન અથવા અમલબજણીનાં સંબંધમાં વર્તમાન અને ભવિષ્યની સ્ટેમ્પ ડ્યુડી, નોંધણી અને સમાન વેરા કે શુલ્કનો ભાર ઉઠાવીશ અને ચુકવણી કરીશ.

28) **DND/NDNC/NPCR સંમત્તિ:** મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી (અને બેંકને મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેઇલ આઇડીમાં કોઇ ફેરફાર અંગે જાણ કરીને) શેર કરીને, હું પ્રમાણિત, ખાતરી અને રજૂ કરું છું કે આપેલા મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી મારા વિશેષ વપરાશ અને ડોમેઇનની અંદર છે અને તે અન્ય કોઇ વ્યક્તિ સાથે સંબંધ ધરાવતા નથી અને ઉપયોગમાં લેવામાં આવતા નથી. આ ઉપરાંત, હું બેંક, તેના એજન્ટ્સ, અધિકૃત્ત પ્રતિનિધિઓ, જોડો પાસેથી પ્રોત્સાહન અથવા માહિતીપ્રદ અથવા માર્કેટિંગની પ્રવૃત્તિઓ માટે SMS, ઇન્સ્ટન્ટ મેસેજિંગ અને વોટ્સઅપ મંચ, ટેલિફોન કોલ્સ (પ્રિ-રેકોર્ડેડ અને/અથવા કૃત્રિમ અવાજ અને/અથવા ઓટો-ડાયલ્ડ અને/અથવા વોઇસ-ઓવર આઇપી સેવા) સહિતના સંચારના અન્ય પ્રકાર મારફતે સંચાર પ્રાપ્ત કરવાની સંમત્તિ આપું છું. હું પ્રતિનિધિત્વ કરું છું કે સંબંધિત મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી પર મને પ્રાપ્ત કરનાર તરીકે મારા માટે હોય એવા મેસેજિસ અને કોલ્સ પ્રાપ્ત કરવાની મંજૂરી છે. હું NDNC/NCPR મારા સંપર્ક નંબરને ડિ-રજિસ્ટર કરવા માટે અને મારા સંપર્ક નંબરના ડીએનડી સ્ટેટરને ડિએક્ટિવેટ/ડિ-રજિસ્ટર કરવાની પણ સંમત્તિ આપું છું. હું જાગૃત્ત છું કે DND/NDNC/NPCRના ડિ-રજિસ્ટ્રેશન પછી, હું વિનંતીની સત્યતાની ખરાઇ કરવા માટે કોલ પ્રાપ્ત કરી શકું છું. હું એ વાતથી પણ જાગૃત્ત છું કે બેંક NDNC/NPCR સ્થિતિને ડિએક્ટિવેટ/ડિ-રજિસ્ટર કરે ત્યાર પછી હું કોઇ પણ સમયે મારા વિવેક પર DND/NDNC માટે પુનઃનોંધણી કરવાનો અધિકાર અને વિકલ્પ ધરાવું છું. હું બેંકને, તેના એજન્ટ્સ, અધિકૃત્ત પ્રતિનિધિઓ, સહયોગીઓને ટેલિફોન/મોબાઇલ/SMS/ઇ-મેઇલ મારફતે વ્યવહાર સંબંધી, પ્રમોશનલ તેમ જ સેવા સંબંધિત કોલ્સ અથવા મેસેજિસ માટે મારો સંપર્ક કરવા માટે અધિકૃત્ત કરું છું.

29) **ક્રેડિટ બ્યુરોની તપાસ માટે સંમત્તિઃ** (એ) મારી નાણાકીય શિસ્તની આકારણી કરવા માટે અને RBI/બેંકની માર્ગદર્શિકાની દૃષ્ટિએ આવશ્યક કાર્યવાહી આરંભવા માટે, (બી) બેંકને મને વધુ/વધારાની લોન આપવાનો વિચાર કરવા સક્ષમ બનાવવા માટે, અને (સી) બેંક નિર્ધારિત કરી શકે એવા નિયમો અને શરતો પર પ્રવર્તમાન લોનને ઘટાડવા/વધારવા/રોલઓવર કરવા/સુધારવા માટે, હું બેંકને ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અથવા આવી અન્ય રિપોઝિટરિઝના ડેટાબેઝને ગમે તેટલી વખત એક્સેસ કરવાની વિશિષ્ટ સંમત્તિ આપું છું. જો તે મારી/અમારી ક્રેડિટ માહિતી પ્રાપ્ત કરવા માટે CIC અથવા આવી અન્ય રિપોઝિટરિઝના ડેટાબેઝને એક્સેસ કરે છે તો હું કોઇ પણ સમયે બેંક અથવા તેના અધિકારીઓની સામે કોઇ વાંધો અથવા વિવાદ અથવા દાવો ઉઠાવીશ નહીં.

30) **સોનાની ખરાઇ/પરીક્ષણ માટે સંમત્તિઃ** હું જાગૃત્ત છું અને સ્વીકારું છું કે, અરજી કરવામાં આવેલી લોન માટેની મારી પાત્રતાની આકારણી કરવાની પ્રક્રિયામાં, બેંક, અન્ય બાબતોની સાથે, મારા દ્વારા રજૂ કરવામાં આવનારા સોનાના દાગીનાની શુદ્ધત્તા અને ગુણવત્તાની ખાતરી કરવા માટે તેનું પરીક્ષણ/ખરાઇ કરશે. હું બેંકને યોગ્ય લાગી શકે એ પદ્ધત્તિથી એક અથવા વધુ માન્યતા ધરાવતા સોનાનાં પરીક્ષણ/ખરાઇની પદ્ધત્તિઓ સ્વીકારીને અલગથી બેંકને મારા દ્વારા રજૂ કરવાં આવનારા સોનાના દાગીનાની શુદ્ધત્તા અને ગુણવત્તાનું પરીક્ષણ/ખરાઇ કરવાની સ્પષ્ટ સંમત્તિ આપું છું. હું બેંકને સીલ કરેલા પેકેટ કે જેમાં સોનાના દાગીના મારા દ્વારા જમા કરવામાં આવશે તેને કોઇ પણ ઓડિટના ઉદ્દેશ માટે પણ સોનાના દાગીનાની શુદ્ધત્તા અને/અથવા ગુણવત્તાની ખરાઇ/પુનઃખરાઇ અથવા પુષ્ટિ/પુનઃપુષ્ટિ કરવા માટે ખોલવા માટે પણ અધિકૃત્ત કરું છું. હું કોઇ પણ સમયે બેંક દ્વારા હાથ ધરવામાં આવતા પરીક્ષણ/ખરાઇ અથવા તેના દ્વારા ઉદ્ભવતી હાનિ/ખરાબ થતા રંગ (જો કોઇ હોય તો)ના સંબંધમાં બેંક અથવા તેના અધિકારીઓની સામે કોઇ વાંધો કે વિવાદ કે દાવો ઉઠાવીશ નહીં.

31) **સેન્ટ્રલ KYC:** હું બેંકને સેન્ટ્રલ KYC રજિસ્ટ્રી પર અહીં ઉપર પૂરી પાડેલી વિગતો અપલોડ કરવા અધિકૃત્ત કરું છું. હું બેંકને મારા દ્વારા રજૂ કરેલા KYC નંબરને આધારે સેન્ટ્રલ KYC રજિસ્ટ્રી પાસેથી મારી KYCની વિગતો ડાઉનલોડ કરવા માટે અધિકૃત્ત કરું છું. હું અહીં ઉલ્લેખ કરેલા મોબાઇલ નંબર/ઇ-મેઇલ આઇડી પર SMS/ઇ-મેઇલ મારફતે સેન્ટ્રલ KYC રજિસ્ટ્રી પાસેથી માહિતી પ્રાપ્ત કરવાની સંમત્તિ આપું છું.

| | |
|---|---|
| ○ | અહીં દાખલ કરેલી પ્રત્યેક અને દરેક માહિતી તમામ પાસાઓમાં સાચી અને સંપૂર્ણ છે અને હું દરેક માહિતીની સત્યતાની પુષ્ટિ કરું છું. બેંકની વિનંતી પર હું, બેંકને આવશ્યક લાગી શકે એવા આવા વધુ દસ્તાવેજો, માહિતી, બાબતો અને વસ્તુઓ રજૂ કરીશ. હું/અમે મારા/અમારા પક્ષે કોઇ બેદરકારી/ભૂલ અથવા મારા/અમારા પક્ષે કોઇ લાગુ થવા પાત્ર નિયમ અને નિયમનો અને/અથવા નિયમો અને શરતોનાં પરિણામ સ્વરૂપે અથવા બેંકને મારા/મારા સંબંધિત કોઇ ખોટી અથવા અપૂર્ણ માહિતી પૂરી પાડવાને લીધે દરેક સમયે, તમામ કાર્યવાહીઓથી અને સામે, માગણી, નુકસાન, ખર્ચ અથવા વ્યય, જે બેંકને કોઇ પણ સમયે થયા હોઇ શકે અથવા થાય છે તેના માટે બેંક, તેના સહયોગીઓ, ઉત્તરાધિકારીઓ, એસાઇન્સ, અધિકારીઓ અને કર્મચારીઓને ક્ષતિપૂર્તિ કરીશું અને કરતા રહીશું. |
| ○ | **આધારના ઉપયોગ માટેની અધિકૃત્તતાઃ** હું લાગુ થવા પાત્ર કાયદાઓ/નિયમનોની જોગવાઇને આધિન લોન અને/અથવા મારા દ્વારા લોનના વ્યવહારોને સંબંધિત લાગુ થવા પાત્ર દસ્તાવેજોને ઇલેક્ટ્રોનિકલી સહી કરવાના સંબંધમાં મને અરજી કરેલી લોન પૂરી પાડવા માટે અને/અથવા ખાતું ખોલવા માટે બેંક સાથે સૂચનાઓની પ્રક્રિયાના ઉદ્દેશ માટે UIDAI સાથે મારી ઓળખ સ્થાપિત કરવા માટે, UIDAI માર્ગદર્શિકા અનુસાર સ્વીકાર્ય હોય એ રીતે અથવા સમયાંત્તરે અમલી કોઇ ધારા અથવા કાયદા હેઠળ આધાર આધારિત e-KYC પ્રમાણીકરણ/બાયોમેટ્રિક પ્રમાણીકરણ/ઓપીટી પ્રમાણીકરણ/ચહેરાનાં પ્રમાણીકરણ/આઇરિસ પ્રમાણીકરણ કરવા માટે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા ("UIDAI") દ્વારા જારી કરેલ આધાર ડેટા/ઓળખની માહિતી/આધાર કાર્ડની ફિઝિકલ નકલ/ઇ-આધાર/માસ્ક્ડ આધાર/વર્ચ્યુઅલ આઇડી/ઓફલાઇન ઇલેક્ટ્રોનિક આધાર એક્સએમએલની ફિઝિકલ કોપીનો ઉપયોગ કરવા માટે બેંક અને/અથવા બેંકના ઓપરેટર્સને મારી સ્વૈચ્છિક સંમત્તિ આપું છું. હું જાગૃત્ત છું કે મારો આધાર ડેટા/ઓળખની માહિતી/આધાર કાર્ડની ફિઝિકલ નકલ/ફિઝિકલ ઇ-આધાર/માસ્ક્ડ આધાર/વર્ચ્યુઅલ આઇડી/ઓફલાઇન ઇલેક્ટ્રોનિક આધાર માત્ર કાનૂની, નિયમનકારી અને કારોબારની જરૂરિયાતોની શ્રેષ્ઠ પદ્ધત્તિનું પાલન કરીને એક્સએમએલ બેંક દ્વારા સંગ્રહિત કરવામાં આવશે. હું મારી ઓળખ સ્થાપિત કરવા માટે ઉપલબ્ધ અન્ય રીતો, એટલે કે આધારની ઓફલાઇન ખરાઇ, પાસપોર્ડ અથવા અન્ય સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજના ("OVD") ઉપયોગ અંગે જાગૃત્ત છું. |

હું પુષ્ટિ કરું છું કે મેં શ્રીમાન/શ્રીમતિ _________________ દ્વારા _________________ (પ્રાદેશિક ભાષા)માં લોનને લાગુ થવા પાત્ર નિયમો અને શરતો વાંચી છે (અથવા વાંચવામાં આવી છે) અને હું તેને સંપૂર્ણપણે સમજું છું, સ્વીકારું છું, સ્વીકૃત્તિ આપું છું અને સંમત્ત છું. મને બેંકના અધિકારી દ્વારા સૂચિત કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી હું લોન પર લાગુ થવા પાત્ર નિયમો અને શરતોને સમજી ન લઉં અને ખાતરી ન કરી લઉં ત્યાં સુધી આ દસ્તાવેજને સ્વીકારવા/માન્ય/તેના માટે સંમત્ત/હસ્તાક્ષર કરવા માટે બંધાયેલો નથી.

સહી

તારીખઃ

સ્થળઃ